**પરિપત્ર**

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/...
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૧/૧૦/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો માટે ખાનગી અહેવાલના નમૂનામાં સુધારો કરવા બાબત.
સંદર્ભ:- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૮/૧૦૫૪/છ તા.૨૯/૦૯/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૮/૧૦૫૪/છ તા.૨૯/૦૯/૨૦૧૮થી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૩૮(૧)(ખ)(૫)માં દર્શાવેલ નમૂના નં-૮ મદદનીશ શિક્ષકના ખાનગી અહેવાલમાં આ સાથેના સામેલ પરિશિષ્ટ-૧ મુજબ સુધારો કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની નકલ આ સાથે સામેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકો માટે હાલમાં અમલી ખાનગી અહેવાલના નમૂનાને બદલે સુધારેલ નમૂનાનો અમલ કરવાનો થાય છે. આ અંગે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

રજુ ૧૧/૧૦/૧૮
11/10/18

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ

**નકલ સવિનય રવાના:-**
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,વડોદરા.

**નકલ રવાના:-**
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(વિ.પ્ર., સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.

Scanned by CamScanner

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૩૮(૧)
(ખ) (૫)ના નમૂના-૮ માધ્યમિક ઉચ્ચતર
માધ્યમિક શાળાઓમાં શિક્ષકો માટે ખાનગી
અહેવાલમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૮/૧૦૫૪/છ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૦૯/૨૦૧૮

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સીંગલ ફાઇલ પરની તા.૨૪/૦૮/૨૦૧૮ની નોંધ

**આમુખ:**

ઉપર્યુક્ત વંચાણે લીધેલા સંદર્ભ-(૧) ની નોંધથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષકો માટે ખાનગી અહેવાલના નમૂના સુધારવા માટે સિંગલ ફાઇલ અંગે મળેલ રજૂઆત પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૩૮(૧)(ખ)(૫)માં દર્શાવેલ નમૂના નં-૮ મદદનીશ શિક્ષકનો ખાનગી અહેવાલમાં આ સાથેના સામેલ પરિશિષ્ટ-૧ મુજબ સુધારો કરવા આથી ઠરાવવામાં આવે છે અને માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલમાં અમલી ખાનગી અહેવાલના નમુનાને બદલે ખાનગી અહેવાલનો સુધારેલ નમુનો અમલી બનશે.

૨. આ હુકમો સરકારશ્રીની તા.૨૯/૦૮/૨૦૧૮ના નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

04 OCT 2018
2456

પ્રતિ,

-માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી , સચિવાલય , ગાંધીનગર.
-અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
-નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (નિયામકશ્રી , શાળાઓની કચેરી મારફત)
-સેકશન અધિકારીશ્રી, ગ, ગ-૧, ગ-૨ શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-સેકશન અધિકારીશ્રી , કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-[illegible] સિલેક્ટ ફાઈલ.
-[illegible] ફાઈલ

Scanned by CamScanner

પરિશિષ્ટ-૧

# મદદનીશ શિક્ષકનો ખાનગી અહેવાલ

તા..../...../............ થી તા...../....../................ વર્ષ..........................

પગાર ધોરણ:.............................. ગ્રેડ પે............... ઇન્ક્રીમેન્ટ ................. ઇન્ક્રી. તા. ...../....../............

૧. શિક્ષકનું નામ : ..........................................................................................

૨. શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતો : શૈક્ષણિક :........................... વ્યવાસિક : ..............

૩. આ શાળામાં જોડાયા તારીખ : તા......./....../................... વર્ષ : ..................

૪. શિક્ષક તરીકેનો કુલ અનુભવ : વર્ષ : ............................. માસ : ......................

૫. કયા કયા વિષયો કયા ધોરણોમાં શીખવે છે? : વિષય : ધોરણ :

૬. શીખવતા વિષયમાં શિક્ષકનું ઉંડાણ :

૭. વિષયના ઉંડાણ માટે ઇતર વાંચન સંદર્ભ સાહિત્યની રૂચિ અને વાંચન (વર્ષમાં કેટલાં પુસ્તક વાંચ્યાં ?) :

૮. વર્ગ-શિક્ષણ – કાર્યની અસરકારક્તા

- ❖ વિદ્યાર્થીઓને શિક્ષકના કામથી પૂરો સંતોષ છે? :
- ❖ શીખવેલું વિદ્યાર્થીઓ સારી રીતે ગ્રહણ કરી શકે છે? :
- ❖ કૌશલ્ય વિકાસમાં શિક્ષકની અસરકારક્તા :
- ❖ વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયનની ટેવ પડે તેવા પ્રયાસો કરે છે? :
- ❖ એમાં સફળતા મળી છે? :
- ❖ શૈક્ષણિક સાધનો, દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો શિક્ષણકાર્ય વખતે ઉચિત ઉપયોગ કરે છે? :
- ❖ એમના વિષયનું પરિણામ કેવું છે? (ઉત્તમ, મધ્યમ, નબળું) :



Scanned by CamScanner

૯. **શિક્ષણમાં નવીનીકરણને આવકારે છે ?**

❖ નવી પધ્ધતિઓ, નવી પ્રવિધિઓ પ્રયોજે છે ? :
❖ પ્રયોગશીલતાને સ્થાન આપે છે ? :
❖ વર્ષ દરમ્યાન એવા કોઇ વિશિષ્ટ સંશોધન, અભ્યાસ, પ્રોજેક્ટ સર્વેક્ષણ વગેરે હાથ ધર્યા છે ? (વિગતો આપવી) :

૧૦. **વિધાર્થીઓને શૈક્ષણિક પ્રક્રિયામાં સહભાગી બનાવવામાં અસરકારતા**

❖ શૈક્ષણિક પ્રવૃતિમાં :
❖ અભ્યાસ પૂરક પ્રવૃતિઓમાં :
❖ સામાજીક પ્રવૃતિઓમાં :
❖ રચનાત્મક પ્રવૃતિઓમાં :
❖ સર્જનાત્મક પ્રવૃતિમાં :

૧૧. **શિક્ષકના વ્યક્તિગત અને સામાજિક ગુણ**

❖ સામાજિક ગુણો :
❖ સહકારની ભાવના :
❖ સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસરતા :
❖ સહકાર્યકરો સાથે સુમેળ :
❖ સહયોગ :

૧૨. **વિદ્યાર્થીઓના વિકાસની પ્રક્રિયામાં સામેલગીરી**

❖ શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન :
❖ સુટેવોના ઘડતરમાં ફાળો :
❖ સ્વચ્છતા અને આરોગ્ય :
❖ તેજસ્વી અને નબળા વિદ્યાર્થીઓના વિકાસમાં ફાળો :
❖ નિદાનાત્મક અને ઉપચારાત્મક શિક્ષણમાં રસ અને કામગીઃ :
❖ મનોવૈજ્ઞાનિક કસોટીઓ :
❖ વિધાર્થીઓની ખામીઓ, નબળાઇઓ દૂર કરવા કરેલા પ્રયાસો :
❖ વાલી સંપર્ક :
❖ વિદ્યાર્થીઓની માનસિક સમસ્યાઓ અને મૂંઝવણોમાં અદા કરેલો ફાળો :



Scanned by CamScanner

૧૩. **જવાબદારીની ભાવના**

- ❖ જવાબદારી હ્રદયપૂર્વક સ્વીકારે છે? :
- ❖ સોંપેલું કામ નિષ્ઠાપૂર્વક બજાવે છે? :
- ❖ કામગીરીને પરિણામલક્ષી કેટલે અંશે બનાવે છે? :
- ❖ વાંધાવચકા ઉભા કરવાની ટેવ છે? :
- ❖ સ્વેચ્છાએ સોંપાતી કામગીરી સ્વીકારવાની તત્પરતા બતાવે છે? :
- ❖ અમલમાં સક્રિય છે કે ઉદાસીન? :
- ❖ કામમાં પ્રતિબધ્ધતા છે? :
- ❖ ક્ષમતાપૂર્વક અને અસરકારક રીતે કામગીરી બજાવે છે? :

૧૪. **રમતગમતો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સામાજિક, પ્રવૃત્તિઓ તથા અન્ય પ્રવૃત્તિઓમાં સામેલગીરી (વિગતો જણાવવી)**

- ❖ રમતગમત :
- ❖ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :
- ❖ સામાજિક પ્રવૃત્તિઓ :
- ❖ અન્ય પ્રવૃત્તિઓ :

૧૫. **જીવનમાં કોઇ આદર્શો, સિધ્ધાંતોનું પાલન કરે છે? ક્યા?** :

૧૬. **વર્ષ દરમિયાન વ્યવસાયિક સજ્જતામાં વૃધ્ધિ થઇ છે? કઇ બાબતમાં?** :

- ❖ (વિશેષ લાયકાતો, સિધ્ધિઓ, તાલીમ વર્ગમાં હાજરી, પુસ્તક પ્રકાશન લેખો પ્રગટ થવા વગેરે)

૧૭. **એકંદરે વ્યક્તિત્વ** :
(પ્રભાવશાળી, મધ્યમ, સાધારણ)

૧૮. **શીલ અને ચારિત્ર્યના ગુણો** :
(સદાચાર, સત્કાર્ય, વ્યસનમુક્તિ)

૧૯. **વર્ષ દરમિયાન તેમણે કોઇ વિશિષ્ટ/નોંધપાત્ર કામગીરી બજાવી છે?** (વિગત આપવી) :

૨૦. **શિક્ષકનું એકંદર મૂલ્યાંકન** :
(ઉત્તમ, ઘણું સારૂં, સારું, મધ્યમ, નબળું)

આચાર્યની સહી

સ્થળ:.............................

તારીખ:........./......./.......

નામ:...............................................

હોદ્દો:...............................................



Scanned by CamScanner